લખતર નજીક ડમ્પરની અડફેટે સાત પદયાત્રીના મોત

ભરવાડ સમાજનો પગપાળા સંઘ લખતરના છારદ ગામ પાસેથી નાઈટ હોલ્ડ માટે જઈ રહ્યો હતો

ચાર પદયાત્રી ગંભીર રીતે ઘવાતા સારવાર હેઠળ

રાજકોટ જિલ્લાના મૃતકોના નામ

1) મસાભાઈ કરશનભાઇ મુંધવા, ઉંમર વર્ષ - 59
2) જાલુબેન મસાભાઈ કરશનભાઇ મુંધવા, ઉંમર વર્ષ - 57
3) રાણીબેન મંગાભાઇ લોબરીયા, ઉંમર વર્ષ - 45
4) જાલુબેન વેલાભાઈ મુંધવા, ઉંમર વર્ષ - 45

મોરબીના મૃતકોના નામ

5) વિજુબેન પ્રવીણભાઈ મુંધવા, ઉંમર વર્ષ -45
6) વજીબેન વિભાભાઈ મુંધવા, ઉંમર વર્ષ -52

સુરેન્દ્રનગર જિલ્લાના મૃતક

7) જયદીપભાઈ હરદીપભાઇ સાપરા, ગામ શીયાણી

રાજકોટ : ગુજરાતના ધોરીમાર્ગો પર રક્તરંજિત અકસ્માતોનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. આજે વહેલી સવારના સુમારે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર-વિરમગામ હાઈવે પર એક કાળજું કંપાવી દે તેવી દુર્ઘટના આકાર પામી છે. લખતરના ભાસ્કરપરા ગામના સીમાડે હાઈવે પર બેફામ ગતિએ દોડતા એક ડમ્પર ચાલકે શ્રદ્ધાના માર્ગે નીકળેલા પદયાત્રીઓના સંઘને કચડી નાખતા કુલ 7 લોકોના ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યા મોત નિપજ્યા છે. જ્યારે અંદાજે 4થી વધુ પદયાત્રીઓ ઘાયલ થયા છે.

આ ઘટનામાં રાજકોટથી ભરવાડ સમાજનો પગપાળા સંઘ લખતરના છારદ ગામ પાસેથી નાઈટ હોલ્ડ માટે જઈ રહ્યો હતો, ત્યારે મધ્ય રાત્રે રસ્તામાં એક ટ્રક ચાલક પોતાના ટ્રકનું ટાયર બદલી રહ્યો હતો, ત્યારે એનાથી સાઈડમાં આવીને આગળ જઈ રહેલા લોકો પર પાછળથી આવતી ટ્રક ફરી વળતા છ પદયાત્રીઓ અને રસ્તામાં ટ્રકનું ટાયર બદલી રહેલા યુવાન પર બેકાબુ ટ્રક ફરી વળતા કુલ સાત લોકોના મોત નીપજ્યા હતા, ઈજાગ્રસ્તોને સારવાર અર્થે રાજકોટ લઈ જવામાં આવ્યા છે. અને અકસ્માત સર્જનારા ટ્રક ચાલક આદિત્ય રમેશભાઈ ગોકનીયાને પકડી લેવામાં આવ્યો છે, જે લખતર તાલુકાના ઝામર ગામનો જ છે અને આ ટ્રક રાજકોટથી લખતર તરફ આવી રહી હતી.

આ ગોઝારી ઘટનાની જાણ થતાં ગેડીયાના મહંત લાલદાસ બાપુ અને ધારા સભ્ય પી.કે. પરમાર પણ તાકીદે ઘટના સ્થળે દોડી ગયા હતા. અને મૃતક ભરવાડ સમાજના પરિવારજનોને મળીને સાંત્વના પાઠવી હતી. ત્યારે ધારા સભ્ય પી.કે. પરમારે આ બનાવ વિશે વાત કરતા જણાવ્યું હતું કે,' રાજકોટના દત્તા ગામથી ઠાકરના દર્શન કરી મુંધવા પરિવારનો સંઘ વિરમગામ રાજબઈ માની ધજા ચઢાવી અને મેરા ગામે મહાદેવ મંદિરે કથા હતી ત્યાં જવાનો હતો. અકસ્માતમાં.

રાજકોટ 42 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર

આગામી 5 દિવસ ગુજરાતમાં તાપમાન 40 ડિગ્રીની આસપાસ રહેવાની આગાહી

અમદાવાદ : ગુજરાતમાં ઉનાળો હવે તેના આકરા મિજાજમાં જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના તાજા અહેવાલ મુજબ, રાજ્યમાં રાજકોટ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. તેની સાથે જ ભુજ, કંડલા પોર્ટ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં પણ પારો 41 ડિગ્રી સુધી પહોંચી ગયો છે, જેના કારણે બપોરના સમયે કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. જેમાં રાજકોટ 42 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર છે. જ્યારે ભુજ, કંડલા પોર્ટ, સુરેન્દ્રનગર, અમદાવાદમાં 41 ડિગ્રી તાપમાન નોંધાયું છે. ગાંધીનગર, વડોદરા, ડીસા, કેશોદ, કંડલા એરપોર્ટ, વલ્લભ વિદ્યાનગરમાં 40 ડિગ્રી ઉપરાંત સુરત, ભાવનગર, નલિયામાં 39 ડિગ્રી તાપમાન રહ્યું હતું 35 થી 38 ડિગ્રી વચ્ચેનું તાપમાન પોરબંદર, દમણ અને મહુવા નોંધાયું હતું હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, દક્ષિણ-પૂર્વ પાકિસ્તાન અને તેની આસપાસના રાજસ્થાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયેલું છે. જેના કારણે આગામી 7 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી, પરંતુ ગરમીનું જોર યથાવત રહેશે. આગામી 5 દિવસ દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના છૂટાછવાયા વિસ્તારોમાં પારો 40 ડિગ્રીથી ઉપર જવાની પૂરેપૂરી સંભાવના છે.

સરકારને અને કોર્ટોને ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર કોણે આપ્યો?

દેશમાં હિન્દુ ધર્મસ્થાનો સરકારી નિયંત્રણમાંથી કેમ મુક્ત થઈ નથી શકતાં એ વિશે અનેક વખત અનેક સ્તરે ચર્ચા થતી રહી છે. રાજકીય ઈચ્છાશક્તિના અભાવે અને ક્યારેક અદાલતી ચુકાદાને કારણે મંદિરો અને ધાર્મિક પરંપરાઓ ઉપર કુઠારાઘાત થાય છે. કેરળમાં સબરીમાલા મંદિર, તમિલનાડુની થિરુપરમકુંદરમ પહાડી ઉપર વર્ષમાં એક વખત યોજાતી દીપમ પ્રાગટ્યની પરંપરા, તમિળનાડમાં જલિક્કુ, મહારાષ્ટ્રમાં દહીં હાંડી, ગુજરાતમાં નવરાત્રિ, પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજા જેવાં ઉદાહરણો દેશનાં દરેક રાજ્યમાં છે, જ્યાં ૭૫ વર્ષથી હિન્દુઓ મોકળા મને પોતાની ધાર્મિક પરંપરાઓ, ઉત્સવો ઉજવી શકતાં નથી. વિદ્વાન વકીલો વર્ષોથી આ બધા સામે અદાલતોમાં લડત આપી રહ્યા છે, તેમ છતાં મંદિરોની અને હિન્દુ ધાર્મિક પરંપરાઓને મુક્તિ મળી શકતી નથી. સબરીમાલા કેસમાં સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાથી સદીઓ જૂની હિન્દુ પરંપરા જોખમમાં છે ત્યારે હવે તેની સામે થયેલી રિવ્યૂ પિટિશનની સુનાવણી સાત એપ્રિલથી શરૂ થઈ છે.

આ બાબતમાં વિદ્વાન જૈનાચાર્ય યુગભૂષણસૂરીશ્વરજી દ્વારા વ્યક્ત કરવામાં આવેલા અને અહીં રજૂ કરવામાં આવેલા વિચારો ખૂબ સમયોચિત છે. હાલમાં સબરીમાલાની જે રિવ્યૂ પિટીશન ચાલી રહી છે, તેમાં ગચ્છાધિપતિશ્રી યુગભૂષણસૂરીશ્વરજીના માર્ગદર્શન હેઠળ ગીતાર્થ ગંગા અને જ્યોત જેવી સંસ્થાઓ પણ પક્ષકાર તરીકે જોડાઈ છે. સબરીમાલાના કેસમાં મૂળ મુદ્દો આ મંદિરમાં હાલ માત્ર ચોક્કસ વયની મહિલાઓ પ્રવેશ કરી શકે કે કેમ, તે બાબત પૂરતો મર્યાદિત લાગે છે, પરંતુ અદાલત દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો કલમ ૨૫ અને ૨૬ હેઠળ ધાર્મિક સ્વતંત્રતાનો વ્યાપ શું છે? આવશ્યક ધાર્મિક પ્રથા શું છે? શું અદાલતો શ્રદ્ધાનો વિષયવસ્તુ નક્કી કરી શકે છે? વ્યક્તિગત અધિકારો તથા ધાર્મિક સંપ્રદાયોની સ્વાયત્તતા વચ્ચેનો સંબંધ શું છે? આ પ્રશ્નો અત્યંત મહત્ત્વના છે, પરંતુ તેમાં એક એવો મૂળભૂત પ્રશ્ન સંકળાયેલો છે જે ક્યારેય પૂછવામાં આવ્યો નથી. એ પ્રશ્ન છે, સરકારે સૌ પ્રથમ ધર્મોની આંતરિક બાબતો પર નિયંત્રણ કરવાની સત્તા ક્યારે પ્રાપ્ત કરી?

આ માત્ર વાતો નથી, પણ એક બંધારણીય પ્રશ્ન છે. રાજ્ય દ્વારા ઉપયોગમાં લેવાતી દરેક સત્તાનું ઉદ્‌ભવસ્થાન કોઈ કાયદેસરના સ્રોતો, સંમતિ, હસ્તાંતરણ, પ્રતિનિયોજન અથવા બંધારણીય અનુમતિમાં મળવું જોઈએ. રાજ્ય કર ઉઘરાવે છે, કારણ કે બંધારણ કર લાદવાની સત્તા આપે છે. તે કાયદા ઘડે છે, કારણ કે કાયદાકીય સત્તા તેને સોંપવામાં આવી છે. પરંતુ જ્યારે મંદિરો પર સમિતિઓની નિમણૂક કરવાની, ધાર્મિક ભંડોળનું સંચાલન કરવાની, ન્યાયિક બેન્ચ દ્વારા શ્રદ્ધાના વિષયમાં શું "આવશ્યક" છે તે નક્કી કરવાની અને આધ્યાત્મિક પ્રથાઓ પર નિર્ણય આપવાની વાત આવે ત્યારે તેનો સ્રોત ક્યાં છે? આનો જવાબ હોવો જોઈએ, પણ તે ક્યાંય નથી.

ભારત દેશ સ્વતંત્ર થયો ત્યારે સત્તાનું હસ્તાંતરણ એ એક દસ્તાવેજી કાયદેસરની ઘટના હતી. ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ એક્ટ, ૧૯૪૭ દ્વારા એ સ્પષ્ટ કર્યું હતું કે શું ટ્રાન્સફર કરવામાં આવી રહ્યું છે. તેની કલમ ૬(૧) માં જાહેર કર્યું હતું કે દરેક નવી ધારાસભા પાસે તેના અધિકારક્ષેત્ર માટે કાયદા બનાવવાની સંપૂર્ણ સત્તા હશે. જાણીતા બંધારણીય વિદ્વાન એચ.એમ. સીરવાઈએ તેમના લખાણમાં સ્પષ્ટ કર્યું હતું કે બંધારણ સભાની સત્તા ગૌણ હતી. તે ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ એક્ટમાંથી આવી હતી. કોઈ પણ ગૌણ સત્તા તેના મૂળ સ્રોત કરતાં આગળ વધી શકે નહીં. આ મુદ્દો ધાર્મિક બાબતનો છે, જેનો નિર્ણય બંધારણ સભાને સોંપવામાં આવ્યો ન હતો. બ્રિટિશ તાજે ક્યારેય હિન્દુ ધર્મ, જૈન ધર્મ, શીખ ધર્મ, બૌદ્ધ ધર્મ કે ઇસ્લામ પર આધ્યાત્મિક અધિકારક્ષેત્રનો દાવો કર્યો નહોતો. તેઓ તેવો દાવો કરી પણ ન શક્યા હોત, કારણ કે આ ભારતીય પરંપરાઓએ ક્યારેય બ્રિટિશ તાજનો આધ્યાત્મિક સત્તા તરીકે સ્વીકાર કર્યો ન હતો અને બ્રિટિશ તાજે પણ ક્યારેય પોતાને સત્તા તરીકે સ્થાપિત કર્યો ન હતો. આમ, જો બ્રિટિશરો પાસે ક્યારેય આ સત્તા હતી જ નહીં અને જો બંધારણ સભાની સત્તા બ્રિટિશ હસ્તાંતરણમાંથી ઊતરી આવી હતી, તો ધર્મ પર રાજ્યનું અધિકારક્ષેત્ર ક્યાંથી આવ્યું? આ અંગે કોઈ ચર્ચા થઈ નહોતી. તેને મૌન રીતે, હસ્તાંતરણના કોઈ પણ ઓળખી શકાય તેવાં સાધન ચિહ્નિત કર્યા વિના માની લેવામાં આવ્યું હતું.

ભારત એક એવો દેશ છે જેની રાજકીય પૃષ્ઠભૂમિ રજવાડાં દ્વારા તૈયાર થઈ હતી. દેશ ક્યારેક અનેક રજવાડાંના શાસન હેઠળ વિભાજિત હતો, તો ક્યારેક નંદ વંશથી લઈને ચંદ્રગુપ્ત અને અશોક હેઠળના મૌર્ય વંશ સુધીના એક શક્તિશાળી સામ્રાજ્ય હેઠળ એકીકૃત હતો. તેમ છતાં ભૌતિક સત્તાના આ તમામ ફેરફારો વચ્ચે ભારતીય ધર્મો સભ્યતાની સાચી અને અખંડ પરંપરા તરીકે ટકી રહ્યા હતા. ધર્મો અનૌપચારિક નહોતા. તે કામચલાઉ નહોતા. તે સ્વતંત્ર દાર્શનિક પાયા પર આધારિત, સંરચિત, સરહદ વિનાના, નિયમોથી બંધાયેલા અને સ્વસંચાલિત હતા.

પુરીના જગન્નાથ મંદિરને તત્કાલીન ઓડિશાના રાજ્યપાલના અધ્યક્ષપદ હેઠળની શ્રી જગન્નાથ મંદિર વહીવટ સુધારણા સમિતિ દ્વારા "એક મોટા રાજ્યની અંદરનું એક નાનું રાજ્ય" તરીકે વર્ણવવામાં આવ્યું હતું. આઠમી સદીમાં સ્થપાયેલા શંકરાચાર્ય મઠોએ બારસો વર્ષો સુધી અખંડ પરંપરા જાળવી રાખી છે, જે દરેક આ ભારતીય ઉપખંડના એક મુખ્ય પ્રવાહનું સંચાલન કરે છે. ઉડુપીના અષ્ટ મઠો સાત સદીથી દર બે વર્ષે શ્રીકૃષ્ણ મઠના વહીવટમાં ફેરબદલ કરે છે, જેમાં કોઈ પણ IAS અધિકારી દેખાતા નથી. શીખ તખ્તો તેમના જાથેદારો દ્વારા સ્વ-શાસિત રહે છે. પાલીતાણા અને પારસનાથની જૈન પવિત્ર ટેકરીઓ મહાન સુધર્મા સ્વામીના અનુગામી વંશાવળી સાથે આધ્યાત્મિક શાસન હેઠળ સંચાલિત છે. તિરુવનંતપુરમનું પદ્મનાભ સ્વામી મંદિર રાજવી પરિવાર દ્વારા દેવતા વતી સેવક અને રક્ષક તરીકે સંચાલિત હતું. બૌદ્ધ સંઘ તેના વિનય કોડ હેઠળ કાર્યરત હતો. આમાંની દરેક સંસ્થા એક સ્વસંચાલિત, સ્વ-ટકાઉ વ્યવસ્થા હતી અને છે, જે કોઈ ભૌતિક સ્રોતમાંથી નહીં પણ શાસ્ત્રોક્ત આદેશ, આધ્યાત્મિક ઉત્તરાધિકાર અને લાખો લોકોની સ્વૈચ્છિક નિષ્ઠામાંથી અધિકાર મેળવે છે. પ્રશ્ન એ નથી કે તેઓએ સારું શાસન કર્યું કે નહીં. પ્રશ્ન એ છે કે શું આ સંસ્થાઓમાંથી રાજ્યને ક્યારેય કોઈ સત્તા હસ્તાંતરિત કરવામાં આવી હતી?

કોઈ પણ લોકશાહી રાષ્ટ્ર કેથોલિક શાસનનું પુનર્ગઠન કરવાનો, કેથોલિક કેનન કાયદાને ફરીથી લખવાનો અથવા ચર્ચની મિલકતોનું સંચાલન કરવા માટે અમલદારોની નિમણૂક કરવાનો અધિકાર ધરાવતું નથી. વેટિકનની સંસ્થાકીય સ્વાયત્તતા વૈશ્વિક સ્તરે માન્ય છે. એટલા માટે નહીં કે કેથોલિક ધર્મ અન્ય ધર્મો કરતાં વધુ કાયદેસર છે, પરંતુ એટલા માટે કે એક સ્પષ્ટ સિદ્ધાંતનો આદર કરવામાં આવી રહ્યો છે કે ધર્મનું આંતરિક શાસન એ રાજ્યનું ક્ષેત્ર નથી. મોટા ભાગના ભારતીય ધર્મો વેટિકન કરતાં સદીઓ જૂના છે. તેમની શાસ્ત્રીય સંહિતાઓ યુરોપિયન બંધારણીય વિચારધારા કરતાં લગભગ બે હજાર વર્ષ જૂની છે. તો પ્રશ્ન એ છે કે, શા માટે એક વિદેશી ધર્મ પર લાગુ કરવામાં આવેલી સંસ્થાકીય ધાર્મિક સ્વાયત્તતાને કેમ વાજબી ગણાવવામાં આવે છે અને અન્ય ભારતીય ધર્મોની બાબતમાં તે ધાર્મિક સ્વાયત્તતા કેમ અદૃશ્ય થઈ જાય છે?

થોડા નજીકના ભૂતકાળની વાત કરીએ તો ૧૨૧૫માં મેગ્ના કાર્ટાની પ્રથમ કલમમાં જ જાહેર કરવામાં આવ્યું હતું કે અંગ્રેજી ચર્ચ સ્વતંત્ર રહેશે અને તેના અધિકારો અકબંધ રહેશે. જ્યાં બ્રિટિશ તાજ ઔપચારિક રીતે ચર્ચ ઓફ ઈંગ્લેન્ડના સર્વોચ્ચ ગવર્નર છે અને ૨૬ બિશપ્સ હાઉસ ઓફ લોર્ડ્સમાં બેસે છે, ત્યાં પણ સરકાર ચર્ચોનું નિયમન કરતી નથી. ભારતની સંસદમાં ધાર્મિક પ્રતિનિધિત્વ શૂન્ય છે. ભારતની સંસદમાં એક પણ આચાર્ય, એક પણ જાથેદાર બેસતા નથી. તેમ છતાં રાજ્ય મંદિરોની માલિકી ધરાવે છે, તેનો વહીવટ કરે છે અને ધાર્મિક પ્રથાઓ પર નિર્ણય આપે છે. મધ્યકાલીન ઈંગ્લેન્ડે આઠ સદી પહેલાં તેના ધર્મ માટે જે માન્યતા આપી હતી, તે આધુનિક લોકશાહી ભારતે તેના પોતાના ધર્મો માટે માન્ય રાખી નથી. આ જ સામ્રાજ્યવાદી અવશેષ છે.

આજે આપણે સાર્વભૌમત્વની કટોકટીના યુગમાં જીવી રહ્યા છીએ. મોટાં કોર્પોરેશનો સરહદો પાર કાર્ય કરે છે તેમ ટેક્સ સાર્વભૌમત્વ અદૃશ્ય થઈ રહ્યું છે. આધ્યાત્મિક સાર્વભૌમત્વ માટે બરાબર તેનાથી ઊલટી સ્થિતિ છે. અહીં, રાજ્ય પાસે ક્યારેય સત્તા હતી જ નહીં અને છતાં તેણે તે સત્તા મૌન રીતે કોઈ પણ ટ્રાન્સફરના દસ્તાવેજ વગર પડાવી લીધી છે. ભારતના રાષ્ટ્રીય આર્કાઈવ્ઝની ફાઈલ નંબર ૫૦/VII/33-Poll માં એક એવો દસ્તાવેજ છે, જે બંધારણીય સમન્સ જેવો લાગે છે, જેની બજવણી તો થઈ છે, પણ ક્યારેય જવાબ આપવામાં આવ્યો નથી. પુષ્પગિરિ પીઠમના જગદ્ગુરુ શ્રી શંકરાચાર્યે એક એવી દલીલ રજૂ કરી હતી જેને કોઈ પણ ભારતીય ન્યાયશાસ્ત્રીએ ક્યારેય નકારી નથી. તેમણે કહ્યું હતું કે ભારતીય ધારાગૃહ પ્રાચીન ધર્મોને લગતી બાબતો પર કાયદો ઘડવા માટે અસમર્થ છે, કારણ કે તેના સભ્યો કેવળ બિનસાંપ્રદાયિક લાયકાતના આધારે ચૂંટાય છે અને કોઈ પણ માન્ય ધાર્મિક સંસ્થા દ્વારા કોઈ સભ્યને નામાંકિત કરવામાં આવ્યા નથી. કોઈ પણ ધાર્મિક વડાએ આ ચૂંટાયેલા સભ્યોને નામાંકિત કર્યા નથી. કોઈ પણ સંપ્રદાયે તેની આધ્યાત્મિક સત્તા હસ્તાંતરિત કરી નથી તેમ છતાં ધારાગૃહ અને અદાલતો એવાં શાસ્ત્રો પર સત્તાનો ઉપયોગ કરે છે, જેનો તેમણે ક્યારેય અભ્યાસ પણ કર્યો નથી.

આ સપ્તાહે નવ ન્યાયાધીશોની બેન્ચ આગળ સુનાવણી કરશે ત્યારે તેની સમક્ષ જે પ્રશ્નો છે તે નિર્વિવાદ રીતે મહત્ત્વના છે પરંતુ તે બધા પ્રશ્નોમાં એક એવી પૂર્વધારણા નિહિત છે, જે ક્યારેય સ્થાપિત થઈ નથી અને તે એ છે કે ''રાજ્ય ધાર્મિક બાબતો પર અધિકારક્ષેત્ર ધરાવે છે.'' અમને હસ્તાંતરણનો દસ્તાવેજ બતાવો. જ્યાં સુધી તે બતાવવામાં ન આવે ત્યાં સુધી, રાજ્ય દ્વારા નિયુક્ત કરવામાં આવેલી દરેક મંદિર સમિતિ, દરેક અમલદાર, દરેક અદાલત, જે શ્રદ્ધા માટે શું "આવશ્યક" છે તે નક્કી કરે છે, એ બધા વાસ્તવમાં એવા અધિકારક્ષેત્રનો ઉપયોગ કરે છે, જે તેમને ક્યારેય સોંપવામાં આવ્યું જ નહોતું. એક વાર ભારત આ સામ્રાજ્યવાદી ગૂંચવણમાંથી મુક્ત થશે અને રાજ્ય આધ્યાત્મિક બાબતોમાં દખલ કરવાનું બંધ કરશે ત્યારે ભારતની આધ્યાત્મિક શક્તિ ખીલી ઊઠશે. ભારતના ધર્મો તેના પ્રજાસત્તાક કરતાં હજારો વર્ષ જૂના છે. આધ્યાત્મિક સાર્વભૌમ ભૌતિક સાર્વભૌમ પાસે એવી કોઈ બાબતની માંગણી નથી કરી રહ્યા, જે છીનવી લેવામાં આવી હતી. તેઓ એવી બાબતની માન્યતા માંગી રહ્યા છે, જે તેમને ક્યારેય સોંપવામાં આવી ન હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટૂ ધ પોઈન્ટ ■ સંજય વોરા ■

સબરીમાલાની જે રિવ્યૂ પિટીશન ચાલી રહી છે, તેમાં ગચ્છાધિપતિશ્રી યુગભૂષણસૂરીશ્વરજીના માર્ગદર્શન હેઠળ ગીતાર્થ ગંગા અને જ્યોત જેવી જૈન સંસ્થાઓ પણ પક્ષકાર તરીકે જોડાઈ છે

અનુસંધાન ... પાના પહેલાનું

2029થી મહિલા...

મહિલાઓ માટે અનામત રહેશે. પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે આ નિર્ણય સામાજિક ન્યાયને માત્ર સૂત્ર પૂરતો સીમિત ન રાખતા તેને આપણી કાર્યસંસ્કૃતિનો ભાગ બનાવશે. તેમણે પંચાયતી રાજ સંસ્થાઓનો દાખલો આપતા કહ્યું કે, હાલમાં 14 લાખથી વધુ મહિલાઓ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સફળતાપૂર્વક કામ કરી રહી છે અને 21 રાજ્યોમાં તેમની ભાગીદારી 50 ટકા સુધી પહોંચી છે.

ટ્રમ્પની નૌકાબંધીમાં...

કીર સ્ટારમરે ભારપૂર્વક જણાવ્યું કે બ્રિટેન આ લડાઈમાં જોડાશે નહીં અને તેમનું પૂરું ધ્યાન માત્ર આ જળમાર્ગને ફરીથી ખોલવા પર છે. બ્રિટેને કહ્યું કે તેઓ કદાચ આ જળમાર્ગમાં લગાવેલી માઈન્સને હટાવવામાં મદદ કરશે પણ યુદ્ધ બંધ થાય ત્યારબાદ. ટ્રમ્પે દાવો કર્યો હતો કે સાથી દેશો આ યોજનામાં સામેલ થશે, પરંતુ નાટોના દેશોએ તેને ટેકો આપવાને બદલે અલગ રસ્તો પસંદ કર્યો છે.

ઇરાનના જળ...

કે, 'જો આમાંથી કોઈ પણ જહાજ અમારી નાકાબંધીની સહેજ પણ નજીક આવશે, તો તેમને તાત્કાલિક ખતમ કરી દેવામાં આવશે. આ માટે અમે એ જ પદ્ધતિનો ઉપયોગ કરીશું જે અમે દરિયામાં ડ્રગ ડીલરોની બોટ સામે વાપરીએ છીએ. તે અત્યંત ઝડપી અને ઘાતક છે.' રવિવારે ફોક્સ ન્યૂઝના મારિયા બાર્ટિરોમો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું હતું કે, 'મને આવું કરવું ગમશે નહીં, પરંતુ તે તેમનું પાણી છે, તેમના ડિસેલિનેશન (પાણી શુદ્ધિકરણ) પ્લાન્ટ્સ અને તેમના વીજળી ઉત્પન્ન કરતા પ્લાન્ટ્સ છે, જેના પર નિશાન સાધવું ખૂબ જ સરળ છે.'

નોઇડામાં કામદારોનો...

આંદોલનને રાજ્યની પ્રગતિ રોકવાનું 'ષડયંત્ર' ગણાવ્યું હતું, જ્યારે સપા પ્રમુખ અખિલેશ યાદવે તેને ગુપ્તચર વિભાગની નિષ્ફળતા ગણાવી મુખ્યમંત્રીના રાજીનામાની માગ કરી હતી. યુપી કોંગ્રેસના અધ્યક્ષ અજય રાયે કહ્યું કે ખાલી પેટ જાહેરાતોથી ભરી શકાતા નથી અને અશ્રુગેસના ગોળા ભૂખનો જવાબ હોઈ શકે નહીં.

અમેરિકાની નાકાબંધી...

તો દરેક માટે હશે અથવા કોઈ માટે નહીં. આ ક્ષેત્રનું કોઈ પણ બંદર સુરક્ષિત રહેશે નહીં, તેવું ઈરાની સૈન્ય અને રિવોલ્યુશનરી ગાર્ડ્સના એક નિવેદનમાં જણાવાયું છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડ(CENTCOM)એ જાહેરાત કરી હતી કે સવારના ૧૦ વાગ્યાથી (EDT), અથવા ઈરાનમાં સાંજના ૬:30 વાગ્યાથી, ઈરાની બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવેશતા અથવા બહાર નીકળતા તમામ રાષ્ટ્રોના જહાજો વિરુદ્ધ નાકેબંધી લાગુ કરવામાં આવશે. સુરંગો ખસેડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે એમ જણાવાયું છે. તેમાં જણાવાયું છે કે આમાં પર્શિયન ગલ્ફ અને ઓમાનની ખાડી પરના ઈરાનના તમામ બંદરોનો સમાવેશ થશે. CENTCOMએ જણાવ્યું છે કે તે બિન-ઈરાની બંદરો વચ્ચે મુસાફરી કરતા જહાજોને હોર્મુઝની સામુદ્રધૂનિમાંથી પસાર થવા દેશે, જે ટ્રમ્પની અગાઉની તે મહત્વપૂર્ણ જળમાર્ગને રોકવાની ધમકીથી એક ડગલું પાછળ હટવા સમાન છે. મોડેથી ટ્રમ્પે દાવો કર્યો હતો કે નાકાબંધી શરૂ થઇ ગઇ છે. ઇરાન કશું કરતુ નથી એમ ટ્રમ્પે જણાવ્યું હતું. ઓવલ ઓફિસની બહાર પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઇસ્લામાબાદની ચર્ચાઓ કોઈપણ સમજૂતી વિના સમાપ્ત થયા બાદ સામા પક્ષ દ્વારા વોશિંગ્ટનનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે, "હું તમને કહી શકું છું કે અમને સામા પક્ષ તરફથી ફોન આવ્યો છે. તેઓ કરાર કરવા માંગે છે. ખૂબ જ આતુરતાથી કરાર કરવા ઈચ્છે છે." જોકે, તેમણે એ સ્પષ્ટ કર્યું નહોતું કે કયા અધિકારીઓએ ફોન કર્યો હતો.

નાકાબંધી શરૂ થઇ કે નહીં? તે અંગે ગુંચવાડો

જ્યારે નિર્ધારિત સમય સવારે ૧૦ વાગ્યાનો (EDT) આવ્યો, ત્યારે એ સ્પષ્ટ નહોતું કે નાકાબંધી શરૂ થઈ હતી કે નહીં. તેની થોડી મિનિટો પહેલાં, યુનાઇટેડ કિંગડમ મેરિટાઇમ ટ્રેડ ઓપરેશન્સ એજન્સી, જે દરિયાઈ સુરક્ષા પર નજર રાખે છે, તેના દ્વારા નાવિકો માટે જારી કરાયેલ એક નોટિસમાં જણાવવામાં આવ્યું હતું કે આ પ્રતિબંધોમાં ઈરાનના સમગ્ર દરિયાકિનારા, બંદરો અને ઊર્જા માળખાગત સુવિધાઓનો સમાવેશ થાય છે. નોટિસમાં ઉમેર્યું હતું કે આ પગલાં દ્વારા બિન-ઈરાની સ્થળોએ આવતી-જતી જહાજોની અવરજવરને અવરોધિત કરવામાં આવી નથી, પરંતુ તે જ સમયે ચેતવણી આપી હતી કે જહાજોએ સમુદ્રધુનીમાં લશ્કરી હાજરીનો સામનો કરવો પડી શકે છે.

મર્યાદિત જહાજી ટ્રાફિક શરૂ થયો હતો તે પણ અટકી ગયો

લોયડ્સ લિસ્ટ ઇન્ટેલિજન્સના અહેવાલ મુજબ, આ જાહેરાતને કારણે યુદ્ધવિરામ પછી સ્ટ્રેટમાં જે મર્યાદિત શિપ ટ્રાફિક ફરી શરૂ થયો હતો તે અટકી ગયો છે. મરીન ટ્રેકર્સ કહે છે કે યુદ્ધવિરામની શરૂઆતથી અત્યાર સુધીમાં ૪૦થી વધુ વ્યાપારી જહાજો પસાર થયા છે, જે યુદ્ધ પહેલાના દરરોજના અંદાજે ૧૦૦ થી ૧૩૫ જહાજોની સરખામણીમાં ઘણા ઓછા છે. શનિવારે પાકિસ્તાનમાં અમેરિકા-ઈરાન વચ્ચેની લાંબી યુદ્ધવિરામ વાટાઘાટો કોઈ સમજૂતી વિના સમાપ્ત થયા બાદ આ નાકેબંધીની ધમકી આવી છે.

ઇરાન સ્પીડબોટોથી મુકાબલો કરશે

ઈરાનના જણાવ્યા અનુસાર, ઈસ્લામિક રિપબ્લિક પાસે 3,000 થી 5,000 સ્પીડબોટ્સ (ઝડપી નૌકાઓ)નો કાફલો છે, જેમાં સેરાજ-1 (Seraj-1) નો પણ સમાવેશ થાય છે. આ નૌકા અત્યંત સ્થિર હોવાનું કહેવાય છે, જે તોફાની સમુદ્રમાં પણ હથિયારો છોડવા માટે અનુકૂળ પરિસ્થિતિ પૂરી પાડે છે. આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ આજે બ્રિટિશ સમય મુજબ બપોરે 3 વાગ્યે ઈરાની બંદરોની નાકેબંધી શરૂ કરશે. અગાઉ વીકેન્ડ દરમિયાન યોજાયેલી યુદ્ધવિરામની વાટાઘાટો કોઈ સમજૂતી વિના સમાપ્ત થઈ હતી. ઈરાનનું પરંપરાગત નૌકાદળ, જે મોટા યુદ્ધજહાજો અને ફ્રિગેટ્સ ચલાવે છે, તે લાંબા સમયથી વધુ પ્રતિકાત્મક ભૂમિકા ભજવી રહ્યું છે, જેનો મુખ્ય હેતુ પ્રતિષ્ઠા અને ક્યારેક લાંબા અંતરના મિશન પર ધ્યાન કેન્દ્રિત કરવાનો રહ્યો છે. જો કે, અર્ધલશ્કરી દળ IRGC (ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ) પાસે એક અલગ કાફલો છે, જે દરિયાઈ માર્ગો પર નિયંત્રણ મેળવવા માટે ઝડપ અને લવચીકતાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો છે. સંઘર્ષના શરૂઆતના દિવસોમાં ઈરાની સ્ટેટ મીડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા ફૂટેજમાં નૌકાદળના ડ્રોન, એન્ટી-શિપ મિસાઇલો અને દરિયાઈ સુરંગોથી ભરેલા ભૂગર્ભ ટનલ નેટવર્ક બતાવવામાં આવ્યા હતા.

જહાજ પાછું ફર્યા બાદ ચીનની અમેરિકાને ચેતવણી

સોમવારે યુનાઇટેડ સ્ટેટ્સ દ્વારા નૌકાદળ દ્વારા નાકાબંધી લાગુ કરવાના પગલા બાદ, મરીન ટ્રેકિંગ ડેટા અનુસાર ઓછામાં ઓછા બે તેલ અને કેમિકલ ટેન્કરોને હોર્મુઝની સામુદ્રધુનીથી પાછા ફરવાની ફરજ પડી હતી. મરીન ટ્રાફિકના ડેટા દર્શાવે છે કે, 'રિચ સ્ટેરી' નામનું એક જહાજ, જેણે પોતાનું ગંતવ્ય સ્થાન ચીન તરીકે દર્શાવ્યું હતું, તેણે નાકાબંધી અમલમાં આવ્યાની થોડી જ મિનિટોમાં પોતાનો રસ્તો બદલી નાખ્યો હતો. આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા, ચીને એક કડક સંદેશ જારી કર્યો છે જે સંકેત આપે છે કે તે આ ક્ષેત્રમાં પોતાની દરિયાઈ પ્રવૃત્તિઓ ચાલુ રાખશે અને ચેતવણી આપી છે કે 'અમારી બાબતોમાં દખલ ન કરો'. પ્રતિક્રિયા આપતા, ચીને એક કડક સંદેશ જારી કરીને સંકેત આપ્યો છે કે તે આ ક્ષેત્રમાં તેની દરિયાઈ પ્રવૃત્તિઓ ચાલુ રાખશે. સંરક્ષણ મંત્રી ડોંગ જુને જણાવ્યું હતું કે ચીની જહાજો આ વિસ્તારમાં કાર્યરત રહેશે અને તેમણે બાહ્ય હસ્તક્ષેપ સામે ચેતવણી આપી હતી. "અમારા જહાજો હોર્મુઝની સામુદ્રધુનીના જળવિસ્તારમાં અવરજવર કરી રહ્યા છે. ઈરાન સાથે અમારા વ્યાપારી અને ઉર્જા કરારો છે. અમે તે કરારોનું સન્માન અને પાલન કરીશું અને એવી અપેક્ષા રાખીએ છીએ કે અન્ય લોકો અમારી બાબતોમાં દખલગીરી ન કરે," તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે ઇરાન આ સામુદ્રધૂનિનું સંચાલન કરે છે અને અન્યોને તેમાં દખલ કરવાનો અધિકાર નથી.

નાકાબંધી હોર્મુઝની બહાર થશે

અમેરિકી સૈન્યએ ખુલાસો કર્યો છે કે તે ઓમાનના અખાત અને હોર્મુઝની સામુદ્રધુનીની પૂર્વમાં આવેલા અરબી સમુદ્રમાં નાકાબંધી લાગુ કરશે અને તે કોઈપણ દેશના ધ્વજ હેઠળના તમામ જહાજોને લાગુ પડશે. સોમવારે નાવિકો માટેની એક નોંધમાં, યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે આ નાકાબંધી સોમવારે સવારે 10:00 વાગ્યે (EST)થી અમલમાં આવશે. નોંધમાં ઉમેર્યું છે કે, 'પરવાનગી વગર નાકાબંધીવાળા વિસ્તારમાં પ્રવેશતા અથવા ત્યાંથી બહાર નીકળતા કોઈપણ જહાજને અટકાવવામાં આવશે, તેનો માર્ગ બદલવામાં આવશે અથવા તેને કબજે કરવામાં આવી શકે છે.' 'આ નાકાબંધી હોર્મુઝની સામુદ્રધુની મારફતે બિન-ઈરાની સ્થળોએ જતા અથવા ત્યાંથી આવતા તટસ્થ જહાજોના પરિવહનમાં કોઈ અવરોધ ઉભો કરશે નહીં.'

દિલ્હી ડાયરી...

આક્ષેપો થઈ રહ્યા છે કે સત્તાવાર સમર્થન સાથે બનેલી આવી તમામ ફિલ્મો ચૂંટણી પ્રચારના સાધન તરીકે ઉપયોગી સાબિત થાય છે.તે જ સમયે, તેમણે કેરળના સત્તાધારી લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ) અને કોંગ્રેસની આગેવાની હેઠળના વિરોધ પક્ષ યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે બંને મોરચા સમાન છે અને સાથે મળીને રાજ્યના અર્થતંત્રને બરબાદ કરી રહ્યા છે.

સુપરડુપર હીટ, જબરજસ્ત ફુલ એક્શન

ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

૧૨.૦૦, ૧૨.૪૦, ૪.૦૦, ૬.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત

સુપરડુપર હીટ, જબરજસ્ત ફુલ એક્શન

ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

૧૦.૩૦, ૧.૦૦, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, રાત્રે ૮.૪૫, ૯.૩૦

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA

★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

ફકી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. 99984 46007

Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat

ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

ફુલ એક્શન | હિન્દી એક્શન | 2D હિન્દી

ધુરંધર-2 — રણવીરસિંહ, સંજયદત્ત — ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૧.૦૦,૧.૨૫, ૨.૧૫, ૨.૪૫, ૪.૩૦, ૫.૧૫, ૫.૪૫, ૬.૩૦, ૭.૦૦, રાત્રે ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦

ડાકોઈટ — ૯.૩૦, ૧૦.૦૦, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, રાત્રે ૯.૨૫, ૧૦.૩૦, ૧૧.૧૫

The Super Mario Galaxy Movie — ૯.૨૦, ૧.૪૫, ૬.૧૦, રાત્રે ૮.૩૦

ધ કેરળ સ્ટોરી-2 — ૯.૩૦, ૧૧.૨૦, ૩.૪૫, રાત્રે ૮.૫૦

લગન લાગ્યા રે — ગુજરાતી : ૩.૧૫, ૬.૨૦

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)
CIN L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપટ, ચેન્નાઈ-600031.
TEL: +91 44 4564 4000 | FAX: +91 44 4564 4022.

IDFC FIRST Bank

પરિશિષ્ટ IV [નિયમ 8(1)] કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જ્યાં સુધી અધોહસ્તાક્ષરિત આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)ના અધિકૃત અધિકારી હોવાને નાતે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ, અને સદર કાયદાની કલમ 13(12) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના [નિયમ 3] સાથે વાંચતા દેવાદાર/સહ-દેવાદારો અને જામીનદારોને નીચે દર્શાવેલ માંગણી નોટિસમાં જણાવેલ રકમ સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર, માંગણી નોટિસની તારીખથી ચુકવણી/વસૂલાત સુધીના વ્યાજ અને અન્ય ખર્ચાઓ સાથે ચૂકવી દેવા માટે માંગણી નોટિસ જારી કરી હતી.
દેવાદાર/સહ-દેવાદારો/જામીનદારો રકમ પરત કરવામાં નિષ્ફળ રહેતા, આથી દેવાદાર/સહ-દેવાદારો/જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરિતે સદર કાયદાની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વાંચતા, આ નોટિસ દ્વારા અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે.

લોન એકાઉન્ટ નંબર	દેવાદાર/સહ-દેવાદાર અને જામીનદારોના નામ	ગીરો રાખેલ મિલકતોનું વર્ણન	ડિમાન્ડ નોટિસ તારીખ	ડિમાન્ડ નોટિસ બાકી રકમ (રૂ.)	કબજો લીધાની તારીખ અને પ્રકાર
20468084	1. સુધીર દુબે, 2. દીપશિખા દુબે	પ્લોટ નં. 139 જેનું ક્ષેત્રફળ 40.08 ચો.મી. છે, જેની સાથે 27.28 ચો.મી. રોડ અને C.O.P. ની જમીનમાં અવિભાજિત હિસ્સો છે, જેનું કુલ ક્ષેત્રફળ 67.36 ચો.મી. છે, જે "સ્કાય વિલા"માં આવેલ છે, રેવન્યુ સર્વે નં. 290, બ્લોક નં. 149, મોજે ગામઃ સ્યાદલા, તાલુકોઃ ઓલપાડ, જિલ્લોઃ સુરત, ગુજરાત-394540, અને જેની સીમાઓ આ મુજબ છેઃ પૂર્વઃ પ્લોટ નં. 134, પશ્ચિમઃ સોસાયટીનો આંતરિક રસ્તો, ઉત્તરઃ પ્લોટ નં. 138, દક્ષિણઃ પ્લોટ નં. 140.	30.12.2025	Rs. 6,41,064.49/-	08-04-2026 કબજો
23731502	1. સુશીલકુમાર વિશ્વકર્મા 2. રશ્મિ વિશ્વકર્મા	પ્લોટ નં. 70 જેનું ક્ષેત્રફળ 53.38 ચો.વાર એટલે કે 44.65 ચો.મી. ખુલ્લો પ્લોટ છે, જેની સાથે રોડ અને C.O.P. માં પ્રમાણસર અવિભાજિત હિસ્સો છે, "વિશ્વાસ રેસીડેન્સી" બ્લોક નં. 322 વાળી જમીન પર રહેણાંક હેતુ માટે બિનખેતી (N.A.) થયેલ જમીન પૈકી, જે મોજેઃ કુંવરદા, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકોઃ માંગરોળ, જિલ્લોઃ સુરત, ગુજરાત-394410માં આવેલ છે, અને જેની સીમાઓ આ મુજબ છેઃ પૂર્વઃ રસ્તો, પશ્ચિમઃ પ્લોટ નં. 28, ઉત્તરઃ પ્લોટ નં. 69, દક્ષિણઃ પ્લોટ નં. 71.	14.01.2026	Rs. 7,64,026.61/-	08-04-2026 કબજો
150948767	1. ગુપ્તા દેવકીનંદન 2. ગુપ્તા રુચિ	દુકાન નં. 8, ગ્રાઉન્ડ ફ્લોર પર, જેનું ક્ષેત્રફળ 421 ચો.ફૂટ (સુપર બિલ્ટ અપ એરિયા) અને 223 ચો.ફૂટ એટલે કે 20.71 ચો.મી. (બિલ્ટ અપ એરિયા) છે, જેની સાથે 19.50 ચો.મી. "મધુસુદન પેલેસ ઓફ બગુમરા રેસીડેન્સી" ની જમીનમાં અવિભાજિત હિસ્સો છે, જે રેવન્યુ સર્વે નં. 80/2/1, બ્લોક નં. 107 પૈકી પ્લોટ નં. C ટાઈપ, પ્લોટ નં. 20, અને A ટાઈપ, પ્લોટ નં. 21, અને B ટાઈપ, પ્લોટ નં. 22, અને A ટાઈપ, પ્લોટ નં. 23, મોજે ગામઃ બગુમરા, તાલુકોઃ પલસાણા, જિલ્લોઃ સુરત, ગુજરાત-394305માં આવેલ છે, અને જેની સીમાઓ આ મુજબ છેઃ પૂર્વઃ 9 મીટર સોસાયટી રોડ, પશ્ચિમઃ 6 મીટર સોસાયટી રોડ, ઉત્તરઃ 6 મીટર સોસાયટી રોડ, દક્ષિણઃ 12 મીટર રોડ.	17.12.2025	Rs. 14,72,114.03/-	08-04-2026 કબજો

વિશેષ રૂપે દેવાદાર/ સહ-દેવાદારો/ જામીનદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ પણ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટલિમિટેડ અને આઈડીએફસીબેંકલિમિટેડ સાથે સંયોજિત) ના માંગણી નોટિસમાં જણાવેલ રકમ અને તે પરના વ્યાજ અને અન્ય ચાર્જીસના બોજાને આધીન રહેશે.

તારીખઃ 08-04-2026
સ્થળઃ ગુજરાત

સહી/- અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટલિમિટેડ અને આઈડીએફસીબેંકલિમિટેડ સાથે સંયોજિત)

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

બેગમપુરા શાખા : ફૈઝ-એ-કુત્બી બિલ્ડીંગ, બેગમપુરા, આમખાસ, સુરત-૩૯૫૦૦૩ ફોન : ૦૨૬૧-૨૪૨૩૩૦૩, ૨૪૩૮૯૪૨
Email : DBZAMP@bankofbaroda.com

કબજા નોટીસ [ધારા ૧૩(૪)] (સ્થાયી મિલકત માટે)
[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૨૩.૦૭.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર / ગીરવેદાર શ્રી કનુભાઈ વિઠ્ઠલભાઈ ગોઠડીયા (દેવાદાર)** અને **શ્રીમતી જાગૃતીબેન ગોઠડીયા (સહ દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૬,૮૨,૩૯૬.૦૮ (અંકે રૂા. સોળ લાખ બ્યાંસી હજાર ત્રણસો છન્નું અને આઠ પૈસા પુરા)** વત્તા અન્ય ચાર્જીસ અને તેના પર નુ વ્યાજ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૨મી એપ્રિલ સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની બાકી રકમ **રૂા.૧૬,૮૨,૩૯૬.૦૮** વત્તા અન્ય ચાર્જીસ અને તેના પર નુ વ્યાજ ને આધીન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે ક્રિસ્ટલ હોમ તરીકે ઓળખાતી ઈ– ટાઈપ નો પ્લોટ નં. ૩૩ માપ ૫૨.૦૯ ચો.મીટર પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત માપ ૪૪.૧૭ ચો.મી રોડ અને સીઓપી કુલ માપ ૯૬.૨૬ ચો.મી જમીનના બાંધકામ નો બ્લોક નં. ૧૩૦ માપ ૧૨૯૫૦ ચો.મી ગામ અટોદરા, તા. ઓલપાડ, જી. સુરત ગુજરાત ખાતે આવેલ છે.જેની ચતુર્દિશા : **ઉત્તર તરફ** : જોડેની મિલકતનો પ્લોટ નં.૩૨, **દક્ષિણ તરફ** :જોડેની મિલકતનો પ્લોટ નં.૩૪, **પૂર્વ તરફ** : જોડેની મિલકતનો પ્લોટ નં.૩૯, **પશ્ચિમ તરફ** : જોડેનો ૭.૫૦ મીટર રોડ આવેલ છે

તા. ૧૨.૦૪.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, બેગમપુરા શાખા.